સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/ફળ-કલમ/૨૦૧૪-૧૫/૧૦૬
જિલ્લા પંચાયત કાર્યાલય ,
કૃષિ અનુભાગ,
મોટી દમણ,
તારીખ :- ૧ /૧૨/૨૦૧૪

પ્રતિ શ્રી,
સરપંચ /સેક્રેટરી/ગ્રામ સેવક
___________________
___________________

**વિષય** :- કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતો ને ફળોં ની કલમો/ રોપાઓ નું નિઃશૂલ્ક વિતરણ "**વહેલાતે પહેલા ના ધોરણે**" કરવાના પૂર્વ આયોજન સહ, જાણ કરવા બાબત .

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષય ના સંદર્ભ માં જિલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા " સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના વર્ષ ૨૦૧૪-૧૫,અંતઃર્ગત,દમણ જિલ્લાના સ્થાનિક કુલ,૩૦૦ નાના–સીમાંત ખેડૂતો(અનુસૂચિત જાતિ,જનજાતિ અને અન્ય/જનરલ) ને આંબા ની કલમો/ રોપાઓ નું નિઃશૂલ્ક વિતરણ @૧૦૦% સબસીડી, રૂપિયા ૨૦૦૦/- અધિકતમ મર્યાદા માં "**વહેલાતે પહેલા ના ધોરણે**" કરવા માટે ના પૂર્વ આયોજન ના ભાગ રૂપે, આપની પંચાયત વિસ્તારના ફળ પાકોની ખેતી કરતાં ખેડૂતોને લાભ લેવા માટે, જાહેર સંદેશ/જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

મહોદય, આંબા ની કલમો/ રોપાઓ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત,ઢોલર મોટી દમણ ની કચેરી થી તારીખ. ૧૨/૧૨/૨૦૧૪ સુધીમાં ફોર્મ,મેળવી લેવું. ફોર્મ ની સંપૂર્ણ વિગત ભરી નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ બિડાણ કરીને તારીખ. ૧૫/૧૨/૨૦૧૪ સુધીમાં ઉક્ત, કચેરી માં જમા કરાવી દેવું.

(૧) જમીન ની ૧/૧૪ ની ખરીનકલ. (સ્વપ્રમાણિત)
(૨) રેશનકાર્ડ ની ખરીનકલ. (સ્વપ્રમાણિત)
(૩) આધાર કાર્ડ ની ખરીનકલ. (સ્વપ્રમાણિત)

સંપૂર્ણ વિગત સહ પુરાવાઓ સાથે ના ફોર્મ, પ્રાપ્ત થયા પછી, વિભાગ ની સંપૂર્ણ કાર્યવાહી પૂરી થયાબાદ પસંદ થયેલ ખેડૂતોને ફળોં ની કલમો/ રોપાઓ મેળવી લેવા માટે ની જાણ કરવામાં આવશે.

( ઈ. બા. પટેલ )
સહાયક લેખા અધિકારી/આ.સ.અ.
જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ,
મોટી દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ, સેક્રેટરી ગ્રામ પંચાયત સભ્યો, જરૂરી કાર્યવાહી સાથે સ્થાનિક ખેડૂતોને જાણ કરવા બાબત.
૨. પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ.
૩. મુખ્ય જિલ્લા પંચાયત અધિકારી, દમણ.
૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.
૫. સભ્ય શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .
૭. ઉપપ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
8 NIC દમણ.